# કચ્છમાં મેઘતાંડવ: રેડ એલર્ટ વચ્ચે માંડવીમાં ૭ ઈંચ વરસાદ

**અંજારમાં** ૭.૨૪, વલ્લભીપુરમાં ૬.૧૦, જામનગરમાં ૫.૫૯ અને બોરસદમાં ૫.૫૧ ઈંચ; ૨૫૯ તાલુકા મેઘમહેરથી તરબતર

**કચ્છમાં** અતિભારે વરસાદની આગાહી, દ્વારકા ઓરેન્જ એલર્ટ પર; રાજ્યના ૪૦ ડેમ હાઇ એલર્ટ

ગાંધીનગર: ગુજરાતમાં ચોમાસાએ ફરી એક વખત જોર પકડતાં રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘમહેરનો ધમાકો જોવા મળી રહ્યો છે. કચ્છમાં રેડ એલર્ટ વચ્ચે આજે માંડવીમાં માત્ર ૧૦ કલાકમાં જ ૬.૯૭ ઈંચ વરસાદ ખાબક્યો, જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૫૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

અંજારમાં ૭.૨૪ ઈંચ, વલ્લભીપુરમાં ૬.૧૦ ઈંચ, જામનગરમાં ૫.૫૯ ઈંચ, બોરસદમાં ૫.૫૧ ઈંચ અને ઉનામાં ૫.૪૩ ઈંચ વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ, ૧૫ સપ્ટેમ્બર સુધીમાં ગુજરાતમાં મોસમનો કુલ વરસાદ ૮૪.૩૮ ટકા એટલે કે ૭૬૬.૯૬ મિ.મી. થઈ ગયો છે. કચ્છમાં અતિભારે વરસાદની હવામાન વિભાગની રેડ એલર્ટની આગાહી વચ્ચે જામનગર અને દેવભૂમિ દ્વારકા ઓરેન્જ એલર્ટ પર હોવાથી રાજ્યમાં તંત્રને પણ એલર્ટ મોડ પર રાખવામાં આવ્યું છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૪ જિલ્લાઓના ૨૫૯ તાલુકામાં વ્યાપક વરસાદ થયો છે. આજે સવારે છથી સાંજે ચાર વાગ્યા સુધીમાં જ કચ્છના માંડવીમાં ૧૭૭ મિ.મી. એટલે કે ૬.૯૭ ઈંચ, અબડાસામાં ૨.૧૩ ઈંચ, મુન્દ્રામાં ૧.૫૭ ઈંચ અને નખત્રાણામાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. કચ્છમાં વરસાદનું જોર યથાવત રહેતાં આગામી કલાકો વધુ ભારે બની શકે છે.

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, કચ્છ અને તેની આસપાસ સક્રિય લો-પ્રેશર સિસ્ટમ તથા સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે વરસાદી સિસ્ટમ મજબૂત બની છે. કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે તથા કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદની શક્યતા હોવાથી રેડ એલર્ટ જાહેર કરાયું છે. દેવભૂમિ દ્વારકા માટે ઓરેન્જ એલર્ટ અને પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ તથા દીવ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરે માછીમારોને દરિયો ન ખેડવાની કડક સૂચના અપાઈ છે.

### દક્ષિણ ગુજરાતમાં સિઝનનો વરસાદ ૧૧૨ ટકા પાર

દક્ષિણ ગુજરાતમાં મોસમના સરેરાશ સામે ૧૧૨.૩૨ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૮૪.૯૭ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૫.૧૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૩.૨૯ ટકા અને કચ્છમાં ૪૮.૬૨ ટકા વરસાદ નોંધાયો છે. સમગ્ર રાજ્યનો સરેરાશ વરસાદ હવે ૮૪.૩૮ ટકા થઈ ગયો છે.

### સરદાર સરોવર ૯૬% નજીક, ૪૦ ડેમ હાઇ એલર્ટ

સરદાર સરોવર ડેમમાં પાણીનો સંગ્રહ ૯૫.૮૮ ટકા પર પહોંચી ગયો છે. ડેમમાં હાલ ૭૦,૮૭૭ ક્યુસેક પાણીની આવક સામે ૧૦,૩૫૪ ક્યુસેક જાવક છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ ક્ષમતાના ૬૮.૬૬ ટકા પાણીનો સંગ્રહ થયો છે. તેમાંથી ૨૫ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયા છે, ૪૦ ડેમ હાઇ એલર્ટ, ૧૩ એલર્ટ અને ૯ ડેમ વોર્નિંગ પર છે.

### ૮૫ હજારથી વધુ લોકોનું સ્થળાંતર, ૯,૮૨૨નું રેસ્ક્યુ

રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૫,૪૫૬ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે ૯,૮૨૨ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. નવસારીમાં સૌથી વધુ ૨૯,૧૯૮ લોકોનું સ્થળાંતર અને ૮૪૫નું રેસ્ક્યૂ, વલસાડમાં ૨૨,૨૧૪ સ્થળાંતર અને ૩,૧૨૮ રેસ્ક્યૂ તથા સુરતમાં ૧૭,૯૯૨ સ્થળાંતર અને ૩,૪૩૯ રેસ્ક્યૂ કરાયા છે. રાજ્યમાં એનડીઆરએફની ૧૦ ટુકડીઓ અને એસડીઆરએફની ૩૦ પ્લાટૂન વિવિધ વિસ્તારોમાં તૈનાત છે.

### ૩૭ રસ્તા બંધ, વીજ પુરવઠો લગભગ પૂર્વવત

રાજ્યમાં ૩૭ રસ્તા બંધ છે, જેમાં એક સ્ટેટ હાઇવે, ત્રણ અન્ય રસ્તા, ૩૧ પંચાયતના રસ્તા અને બે નેશનલ હાઇવેનો સમાવેશ થાય છે. વરસાદથી અસરગ્રસ્ત ૫,૨૭૬માંથી ૫,૨૭૧ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરી દેવાયો છે. એસટી નિગમની તમામ ટ્રીપ અને રૂટ પણ કાર્યરત હોવાનું તંત્રએ જણાવ્યું છે.

### ખરીફ વાવેતર ૯૬.૩૯ ટકા પૂર્ણ

રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૨.૨૨ લાખ હેક્ટરમાં ખરીફ વાવેતર પૂર્ણ થયું છે, જે સામાન્ય વાવેતર વિસ્તારના ૯૬.૩૯ ટકા જેટલું છે. ડાંગરનું વાવેતર ૧૦૩.૮૭ ટકા, મગફળી ૧૦૮.૦૭ ટકા, તુવેર ૧૨૬.૩૫ ટકા અને સોયાબીનનું વાવેતર ૧૦૮.૨૧ ટકા સુધી પહોંચ્યું છે. બીજી તરફ, ગુજરાતમાં મોસમનો વરસાદ ૮૪ ટકા પાર કરી ચૂક્યો છે અને દક્ષિણ ગુજરાતમાં તો સિઝનનો સરેરાશ વરસાદ ૧૧૨ ટકા વટાવી ગયો

# દિશા સાલિયાનની હત્યાના કેસમાં આદિત્ય ઠાકરેની ધરપકડ કરવામાં આવશે?



ટચ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

આપણી કાયદાપોથીમાં લખ્યું છે કે સો ગુનેગારો ભલે છૂટી જાય, પણ એક નિર્દોષને સજા ન થવી જોઈએ. આ વાત જેટલી સાચી છે, એટલી એ વાત પણ સાચી છે કે કોઈ પણ ગુનેગાર સજા વગરનો રહેવો ન જોઈએ, ભલે તે ગમે તેટલો શક્તિશાળી હોય. આ વાત હવે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના પનોતા પુત્ર આદિત્ય ઠાકરે માટે સાચી પડી રહી છે. ઉદ્ધવ ઠાકરે જ્યારે સત્તામાં હતા ત્યારે અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની સેક્રેટરી દિશા સાલિયાનનું ભેદી સંયોગોમાં મોત થયું હતું. મુંબઈની પોલીસે તેને અકસ્માત મૃત્યુનો કિસ્સો ગણાવી ફાઈલ બંધ કરી દીધી હતી. દિશા સાલિયાનના અપમૃત્યુ પછી છ દિવસે સુશાંત સિંહ રાજપૂતનું પણ શંકાસ્પદ સંયોગોમાં મોત થયું હતું. તેનો ઊહાપોહ થયો એટલે કેસ સીબીઆઈને સોંપાયો હતો. સીબીઆઈએ તેને આપઘાતનો કેસ ગણાવી તેની પણ ફાઈલ બંધ કરી દીધી હતી. દરમિયાન મુંબઈની ફિલ્મી દુનિયામાં ચકચાર ચાલુ જ હતી કે દિશા સાલિયાનની હત્યા કરવામાં આવી હતી અને તેનું રહસ્ય સુશાંત સિંહ રાજપૂતને ખબર પડી ગયું તે કારણે તેની પણ હત્યા કરવામાં આવી હતી.

દિશા સાલિયાન અને સુશાંત સિંહ રાજપૂતના અપમૃત્યુની વાર્તા લગભગ ભૂલાઈ ગઈ હતી, પરંતુ દિશા સાલિયાનના પિતા સતીશ સાલિયાને પોતાની પુત્રીને ન્યાય અપાવવા માટેની લડત અવિરત ચાલુ રાખી હતી. આ લડતમાં તેમને બોમ્બે હાઈ કોર્ટના બાહોશ વકીલ નીલેશ ઓઝાનો જબરદસ્ત ટેકો મળી ગયો હતો, જેમણે સતીશ સાલિયાન વતી હાઈ કોર્ટમાં રીટ પિટીશન કરી હતી અને દિશા સાલિયાનના કેસને રિઓપન કરવાની માગણી કરી હતી. નીલેશ ઓઝાએ મહેનત કરીને તમામ પુરાવાઓ હાઈ કોર્ટ સમક્ષ મૂક્યા હતા, જેના પરિણામે હાઈ કોર્ટે સીબીઆઈને તપાસ સોંપી છે અને સતીશ સાલિયાનની ફરિયાદના આધારે એફઆઈઆર પણ નોંધી છે. આ એફઆઈઆરમાં આદિત્ય ઠાકરે ઉપરાંત ફિલ્મી દુનિયા સાથે સંકળાયેલા સૂરજ પંચોલી અને દિનો મોરિયાનાં નામો પણ આરોપી તરીકે લેવામાં આવ્યાં છે. દિશા સાલિયાનનો બંધ થયેલો કેસ ખૂલી રહ્યો છે ત્યારે સીબીઆઈ દ્વારા બંધ થયેલો સુશાંત સિંહ રાજપૂતનો કેસ પણ ફરી ખોલવાની માગણી થઈ રહી છે, કારણ કે તેનું જોડાણ પણ દિશા સાલિયાનના કેસ સાથે છે.

દિશાના પિતા સતીશ સાલિયાનનો આરોપ છે કે દિશા પર સામુહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી અને આ મામલાને દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે આદિત્ય ઠાકરે અને અન્ય લોકો સામે FIR નોંધાવવાની માંગ કરી હતી. સતીશ સાલિયનના વકીલ નીલેશ ઓઝાએ જણાવ્યું હતું કે તપાસમાં જેમની સામે પુરાવા મળશે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ વિરુદ્ધ કોઈ પુરાવા નહીં મળે, તો તેમના પર આરોપ મૂકવામાં આવશે નહીં. જો CBIનો રિપોર્ટ નેગેટિવ આવશે, તો પરિવારને વિરોધ અરજી દાખલ કરવાનો અધિકાર રહેશે. FIRમાં આદિત્ય ઠાકરે, સૂરજ પંચોલી, ડીનો મોરિયા, આદિત્ય ઠાકરેનો બોડીગાર્ડ, રિયા ચક્રવર્તી, પરમબીર સિંહ, ઉદ્ધવ ઠાકરે, સચિન વાઝે અને અગાઉની SITના સભ્યોનું પણ નામ આરોપી તરીકે છે, જેમના પર કેસ દબાવવાનો આરોપ છે.

સીબીઆઈ દ્વારા એફઆઈઆર દાખલ કરવા અંગે વકીલ નીલેશ ઓઝાએ જણાવ્યું હતું કે દિશા સાલિયાનના પિતા સતીશ સાલિયાનના નિવેદનના આધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. સતીશ સાલિયાનના નિવેદનમાં જણાવાયું છે કે દિશા સાલિયાન પર સામુહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને બાદમાં તેની હત્યા કરવામાં આવી હતી. હકીકતો દર્શાવે છે કે દિશા પાસે આદિત્ય ઠાકરે અને તેની ગેંગની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, જેમાં ડ્રગ્સની હેરાફેરી અને બાળકોની હેરાફેરીનો સમાવેશ થાય છે, વિશે વિગતવાર પુરાવા હતા. તેણીએ આ પુરાવા અભિનેતા સુશાંત સિંહ રાજપૂતને સોંપ્યા હતા. સુશાંત એક પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા. તેણે આ વાત રિયા ચક્રવર્તીને કરી હતી, જે સુશાંતની સાથે લિવ-ઇનમાં રહેતી હતી. સુશાંત સિંહને ખબર નહોતી કે રિયા ચક્રવર્તી આદિત્ય ઠાકરે અને ડીનો મોરિયા સાથે વ્યવસાયમાં છે અને તેમની સહયોગી છે. તેમણે કહ્યું કે ૯ જૂનના રોજ દિશાનો મોબાઇલ ફોન સચિન વાઝે, આદિત્ય ઠાકરે અને અન્ય લોકો દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો અને તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે ૧૭ જૂન સુધી ફોન પોતાના કબજામાં રાખ્યો હતો, ત્યારબાદ તેને સત્તાવાર રીતે જપ્ત જાહેર કરવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન તેઓએ દિશાએ કોનો સંપર્ક કર્યો હતો, સાક્ષીઓ, તેમનાં રહસ્યો કોણ જાણતાં હતાં અને તેની નબળાઈઓ ક્યાં છે તે નક્કી કરવા માટે ડેટા કાઢ્યો હતો.

FIRમાં વધુમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે આવા સંભવિત સાક્ષીઓની ઓળખ કર્યા પછી, તેમને ખતમ કરવાનો, ધમકી આપવાનો, દબાણ કરવાનો અથવા માહિતી જાહેર કરવાથી રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વધુમાં દિશાના મોબાઇલ ફોન પરના સંબંધિત ડેટાને એક્સેસ કરવામાં આવ્યો હતો, કાઢી નાખવામાં આવ્યો હતો, તેની સાથે છેડછાડ કરવામાં આવી હતી અથવા પુરાવાની સાંકળનો નાશ કરવા માટે અન્યથા હેરફેર કરવામાં આવી હતી.

એફઆઈઆરમાં વિલંબિત પોસ્ટમોર્ટમમાં સામેલ ડોકટરો અને સ્ટાફ, કાલિના ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અધિકારીઓ, ડો. સંજય જાધવ અને એનપી ભાલેનો પણ ઉલ્લેખ છે. રીજન્ટ ગેલેક્સી બિલ્ડિંગના સુરક્ષા રક્ષકો, સુશીલ કુમાર યાદવ અને શિવમુરાદ ગૌતમ ઉર્ફે મુન્નાનું પણ નામ છે. વધુમાં, પ્રીતિ રાણે, પ્રવીણ રાણે, અંકિતા સત્તુર, ઇન્દ્રનીલ વૈદ્ય, દીપ અજમેરા, હિમાંશુ શિખરે, રેશા પડવાલ, સતવંત સિંહ, નાવેદ મુજાવર અને પ્રિયેશ રાણે સહિત વરિષ્ઠ એસઆઈટી સભ્યોની ભૂમિકાઓ અને તપાસનું નિરીક્ષણ કરનારા વરિષ્ઠ પોલીસ અધિકારીઓને પણ તપાસ માટે બોલાવવામાં આવ્યા છે. તબીબી અને પોલીસ રેકોર્ડનો ઉલ્લેખ કરીને FIRમાં જણાવાયું છે કે દિશા સાલિયાનના યોનિમાર્ગ અને ગુદાના સ્વેબ લેવામાં આવ્યા હતા અને તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

દિશા સાલિયાનના મૃત્યુની તપાસ માટે સીબીઆઈએ એક ખાસ ટીમની રચના કરી છે. એફઆઈઆરમાં સૂચિબદ્ધ કલમો અનુસાર ગેંગરેપ, હત્યા અને પુરાવાનો નાશ જેવા ગુનાઓનો સમાવેશ થાય છે. આદિત્ય ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે ઉપરાંત, વરિષ્ઠ પોલીસ અધિકારીઓનાં નામો પણ છે. ઘણા ફિલ્મ સ્ટાર્સ પણ સંડોવાયેલાં છે. યુબીટી નેતા સંજય રાઉતે જણાવ્યું હતું કે આદિત્ય ઠાકરે વિરુદ્ધ કોઈ પુરાવા નથી અને તેમની આ કેસમાં કોઈ સંડોવણી નથી. મુંબઈ પોલીસે ઘણી વખત આ કેસની સંપૂર્ણ તપાસ કરી છે. પાછલી મહાયુતિ સરકારના કાર્યકાળ દરમિયાન ફેબ્રુઆરી ૨૦૨૧ માં ક્લોઝર રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં આદિત્ય ઠાકરેને ક્લીનચીટ આપવામાં આવી હતી. મુંબઈ પોલીસની પ્રામાણિકતા પર હવે પ્રશ્ન ઉઠાવવો જોઈએ નહીં.

ભાજપના નેતા રામ કદમ યુબીટી સાંસદ સંજય રાઉતના દાવાઓ સાથે અસંમત છે. તેમણે કહ્યું કે દિશા સાલિયન કેસ સાથે તેમનો કોઈ સંબંધ નથી તે આદિત્ય ઠાકરેનો દાવો અર્થહીન છે. તેમના પિતા ઉદ્ધવ ઠાકરે પર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તપાસમાં ઢીલાશ અને પુરાવાનો નાશ કરવાના આરોપોનો સામનો કરવો પડ્યો હતો. આ કેસમાં તપાસ જરૂરી છે. નોંધનીય છે કે અભિનેતા સુશાંત સિંહ રાજપૂતે તેમના મેનેજર દિશા સાલિયનના મૃત્યુના છ દિવસ પછી આત્મહત્યા કરી હતી. આ પછી, દિશાના મૃત્યુ અંગે પ્રશ્નો ઊભા થયા હતા. શું FIR દાખલ થયા પછી જ ધરપકડ શક્ય છે? તેના જવાબમાં કાનૂની નિષ્ણાત એમ. રાજ સિંહે કહ્યું કે CBIની FIRમાં ફક્ત નામ નોંધાવવાથી ધરપકડ થઈ શકતી નથી. CBI તપાસ દરમિયાન આ વ્યક્તિઓની પૂછપરછ કરી શકે છે. આ કેસમાં નામ આપવામાં આવેલાં કોઈ પણ વ્યક્તિની ધરપકડ કરતાં પહેલાં CBIને મજબૂત પુરાવા, સાક્ષીઓ અને દસ્તાવેજોની જરૂર પડશે. જો મજબૂત પુરાવા હોય તો આરોપીની ધરપકડ શક્ય છે. આ એક હવે એક હાઇ-પ્રોફાઇલ કેસ બની ગયો છે, તેથી CBIએ દરેક પગલાં પર સાવધાની સાથે આગળ વધવું પડશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**દિશા સાલિયાનનો કેસ ફરી ખૂલી રહ્યો છે ત્યારે સીબીઆઈ દ્વારા બંધ થયેલો સુશાંત સિંહ રાજપૂતનો કેસ પણ ફરી ખોલવાની માગણી થઈ રહી છે, કારણ કે તેનું જોડાણ દિશા કેસ સાથે છે**

# ફૂડ પોઈઝનિંગ બાદ રાજ્યભરમાં ૧૨૮ હોસ્ટેલ-કેન્ટીનની તપાસ

**આરોગ્ય** વિભાગની ૩૮ સંચાલકને સુધારણા નોટિસ, ખાદ્ય પદાર્થોના ૧૧ નમૂના લેવાયા

**ગંભીર** અસ્વચ્છતા વચ્ચે ૪ હોસ્ટેલ-કેન્ટીન સ્વયંભૂ બંધ

ગાંધીનગર: સુરતની પી.પી. સવાણી હોસ્ટેલમાં બનેલી ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ રાજ્ય સરકારે હોસ્ટેલ અને કેન્ટીનમાં ખાદ્ય સુરક્ષા તથા સ્વચ્છતાના ધોરણોની ચકાસણી માટે રાજ્યવ્યાપી સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરી છે. ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા મંગળવારે સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યભરમાં ૧૨૮ હોસ્ટેલ-કેન્ટીનની સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખામીઓ જણાતા ૩૮ સ્થળોને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા ૧૧ નમૂના લેવાયા હતા, જ્યારે ગંભીર અસ્વચ્છતા અને અનહાઈજેનિક પરિસ્થિતિને પગલે ચાર હોસ્ટેલ-કેન્ટીન સ્વયંભૂ બંધ થયા હતા. તપાસાયેલા ૧૨૮ સ્થળોમાં ૨૫ સરકારી, ૩૫ અર્ધસરકારી અને ૬૮ ખાનગી હોસ્ટેલ-કેન્ટીનનો સમાવેશ થાય છે. જ્યાં સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા, ગુણવત્તા અથવા ખોરાકની જાળવણી સંબંધિત ખામીઓ મળી ત્યાં સંચાલકોને જરૂરી સુધારાત્મક પગલાં લેવા ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી છે. સાથે જ લેવાયેલા ૧૧ ખાદ્ય નમૂનાઓનું વધુ પરીક્ષણ અને વિશ્લેષણ કરવામાં આવશે. ફૂડ પોઈઝનિંગની ઘટનાને પગલે વિદ્યાર્થીઓ અને નાગરિકોને સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખોરાક મળી રહે તે માટે રાજ્યભરના હોસ્ટેલ તથા કેન્ટીનની કામગીરી પર તંત્ર દ્વારા સઘન નજર રાખવામાં આવી રહી છે. ખાદ્ય સુરક્ષાના ધોરણોનું ઉલ્લંઘન કરનાર સંચાલકો સામે આગામી દિવસોમાં પણ તપાસ અને કાયદેસરની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. આ સમગ્ર કાર્યવાહી આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચના અને માર્ગદર્શન બાદ હાથ ધરવામાં આવી છે. વિદ્યાર્થીઓ અને નાગરિકોના આરોગ્યની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી ખાદ્ય સુરક્ષા તથા સ્વચ્છતાના નિયમોનું કડક પાલન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા તંત્રને વધુ સઘન કાર્યવાહી ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે.

## અમદાવાદના સેલામાં બાંધકામ સાઈટ પર 14મા માળેથી પટકાતાં શ્રમિકનું મોત

અમદાવાદ: અમદાવાદના સેલામાં બાંધકામ સાઈટ પર કામ કરી રહેલો 28 વર્ષીય શ્રમિકનું 14મા માળેથી નીચે પટકાતા મોત નીપજ્યું હતું. શહેરના સેલા વિસ્તારમાં બાંધકામ સાઈટ પર આજે બપોરે કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન 14મા માળેથી એક શ્રમિક નીચે પટકાયો હતો. જેને પગલે તેને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ તેનું મૃત્યુ થયું હતું. આ મૃતકની ઓળખ કેસરીલાલ મીણા (ઉં.વ.28) તરીકે થઈ છે. તે મૂળ રાજસ્થાનનો રહેવાસી હતો અને રોજગારી અર્થે અમદાવાદ આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# BUSINESS મિત્ર

**સેન્સેક્સ 778 પોઇન્ટ તૂટયો, નિફ્ટી 23150 પોઇન્ટની નીચે**

# ચોતરફી વેચવાલીથી રોકાણકારોના રૂ. 10.69 લાખ કરોડ સ્વાહા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 15: એઆઈ સંદર્ભે અહેવાલો બાદ આજે ભારતીય આઈટી શેરોમાં મજબૂતી સાથે શરૂઆતના કારોબારમાં શેરબજારમાં સારી તેજી જોવા મળી હતી અને સેન્સેક્સ-નિફ્ટી પોઝિટિવ ખુલ્યા હતા. જોકે, વેચવાલીના દબાણના લીધે સેન્સેક્સ દિવસની ઉંચી સપાટીએથી 1442 પોઈન્ટ તૂટયો હતો, જ્યારે નિફ્ટી 23150ની નીચે આવી ગયો હતો. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં બે-બે ટકા વધુનો ઘટાડો થયો હતો.

ભારતના મંત્રાલયે એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે, ભારતનો ગ્રાહક ભાવ ફુગાવો જુલાઈમાં 4.45 ટકાથી વધીને ઓગસ્ટમાં 4.82 ટકા થયો છે. ભારતમાં ખાદ્ય ફુગાવો વધીને 5.95 ટકા વધ્યો હતો. હોલસેલ ફુગાવો પણ વધીને 9.92 ટકા પર પહોંચી ગયો છે. જેની પણ અસર બજારમાં જોવા મળી હતી.

એઆઈ શેરોના ક્રેશને કારણે ભારતીય સોફ્ટવેર સર્વિસ કંપનીઓ પડી ગઈ હતી અને નિફ્ટી આઈટી 4 ટકાથી વધુનો ઉછાળો લગાવ્યો હતો અને દિવસના અંતે 2 ટકાથી વધુના વધારા સાથે બંધ રહ્યા હતા. જોકે, રિયલ્ટી, બેન્કીગ અને મેટલ સેકટરે એટલું દબાણ સર્જ્યું હતુ કે બજાર રિકવર થઈ શક્યું નથી. નિફ્ટી રિયલ્ટી 4 ટકાથી વધુ ઘટી હતી, નિફ્ટી મેટલ 2.5 ટકાથી વધુ ઘટી હતી. આ સિવાય પીએસયુ બેન્ક અને ઓટો સેકટર 2-2 ટકાથી વધુ નબળો પડ્યો છે, જ્યારે ફાર્મા અને ખાનગી બેન્કોનો ઈન્ડેક્સ પણ એક-એક ટકાથી વધુનો ઘટાડો થયો છે. જેના પરિણામે બીએસઈ લિસ્ટડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 10.69 લાખ કરોડથી વધુનો ઘટાડો થયો છે.

બીએસઈ સેન્સેકસ 777.94 પોઈન્ટ એટલે કે 1.04 ટકા તૂટીને 74003.82 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 75436 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73994 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 279.50 પોઈન્ટ એટલે કે 1.19 ટકા તૂટીને 23150 પોઈન્ટની સપાટી તોડીને 23118.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23592 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23118 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 811.80 પોઈન્ટ એટલે કે 1.43 ટકા ઘટીને 55794.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ઝેન્સર ટેકનોલોજીમાં 30.22 ગણા, ટાટા ઈન્વેસ્ટમેન્ટમાં 20.11 ગણા, ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સમાં 14.4 ગણા, એફકોન્સ ઈન્ફ્રા.માં 11.59 ગણા અને બિરલા સોફ્ટમાં 4.51 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઝેન્સર ટેકનોમાં 52.31 ગણા, ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સમાં 46.08 ગણા, એફકોન્સ ઈન્ફ્રા.માં 20.21 ગણા, ટાટા ઈન્વેસ્ટમેન્ટમાં 17.69 ગણા અને બ્રેઈબીસ સોલ્યુશન્સમાં 16.84 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટ પણ નબળું રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.17 ટકા તૂટયો હતો, જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 2.40 ટકા તૂટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 1197 શેરો વધ્યા હતા, જ્યારે નીચામાં 3286 શેરો ઘટ્યા હતા અને 201 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 4.04 ટકા ઘટ્યો હતો. જેમાં પ્રેસ્ટીજ એસ્ટેટ પ્રોજક્ટસ 5.41 ટકા, ગોદરેજ પ્રોપર્ટીઝ 5.07 ટકા, લોઢા ડેવલપર્સ 4.66 ટકા, ઓબેરોય રિયલ્ટી 4.17 ટકા, બ્રિગ્રેડ એન્ટર 4.13 ટકા, એબી રિયલ એસ્ટેટ 3.83 ટકા, ડીએલએફ 3.67 ટકા, ફિનિક્સ મીલ્સ 2.98 ટકા, અનંતરાજ 2.08 ટકા અને શોભા 1.98 ટકા ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે એઆઈ ડેવલપમેન્ટની ગતિ, ક્રુડના વધતા ભાવ અ યુએસ ટ્રેઝરી યીલ્ડની ઉંચી ચિંતા પર રોકાણકારો સાવેચત થયા હોવાથી વોલસ્ટ્રીટ રાતોરાત નીચા બંધ થયા પછી યુરોપિયન ઈક્વિટીમાં ઘટાડો થયો હતો. જ્યારે એશિયન બજારો નીચા બંધ થયા હતા. આ ઉપરાંત, આ સપ્તાહમાં ફેડરલ રિઝર્વની બેઠક આ સપ્તાહમાં મળનારી છે, તેની ઉપર પણ રોકાણકારોની નજર રહેશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.35 ટકા, કેક 0.25 ટકા અને ડેક્સ 0.02 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.22 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 1.41 ટકા, હેંગસેંગ 1.25 ટકા, તાઈવાન 0.77 ટકા, કોસ્પી 0.86 ટકા, જકાર્તા 1.14 ટકા અને શાંઘાઈ 0.54 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### ડોલર ઉછળીને 96 તરફ

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

અમદાવાદ, તા. 15: કરન્સી બજારમાં વૈશ્વિક અનિશ્ચિતતા અને ક્રુડના ભાવની અસર જોવા મળી હતી. આજે ડોલરમાં ઝડપી ઉછાળો જોવાયો હતો અને ફરી એકવાર 96 તરફ આગેકૂચ કરતો જોવા મળ્યો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 40 પૈસા તૂટીને 95.96ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.56ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.28, પાઉન્ડ 129.66, કેનેડિયન ડોલર 69.02, ઓસ્ટ્રેલિયન ડોલર 68.12, જાપાનીઝ યેન 0.6199 અને સીંગાપોર ડોલર 75.55ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.96 રૂ. |
| યુરો | 110.28 રૂ. |
| પાઉન્ડ | 129.66 રૂ. |
| યેન | 0.6199 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -777.94 | 74003.82 |
| નિફ્ટી | -279.50 | 23118.60 |
| બેન્ક નિફ્ટી | -811.80 | 55794.75 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 3.95 | 1253.70 |
| ઇન્ફોસીસ | 3.79 | 1077.00 |
| ટીસીએસ | 2.28 | 2351.00 |
| ટેક મહિન્દ્રા | 2.26 | 1575.90 |
| વિપ્રો | 1.55 | 170.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારત ઇલે. | 5.30 | 382.90 |
| શ્રીરામ ઇલે. | 4.74 | 979.80 |
| અદાણી એન્ટર | 4.29 | 2928.60 |
| ઇન્ટરગ્લોબ | 3.96 | 4776.00 |
| ગ્રાસીમ ઇન્ડ. | 3.38 | 3171.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 3.98 | 1255.00 |
| ઇન્ફોસીસ | 3.64 | 1076.00 |
| ટેક મહિન્દ્રા | 2.31 | 1575.00 |
| ટીસીએસ | 2.18 | 2250.00 |
| એચડીએફસી બેન્ક | 1.27 | 717.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારત ઇલે. | 6.04 | 381.00 |
| ઇન્ટરગ્લોબ | 3.95 | 4777.50 |
| ટાઇટન કંપની | 3.10 | 4850.00 |
| બજાજ ફિનસર્વ | 3.09 | 1858.00 |
| અદાણી પોર્ટસ | 3.03 | 1711.45 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૪૭૦ |
| તેજાબી સોનું | ૧૫૫૩૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૭૦૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૨૩૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૪૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૩૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૫૩૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફલાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |

# યુએસ ફેડની બેઠકમાં વ્યાજદર વધવાની અપેક્ષા વચ્ચે સોના અને ચાંદીમાં ઘટાડો

મુંબઈ, તા. 15 : યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા બેઠકમાં વ્યાજ દર વધારવામાં આવે તેવી અપેક્ષાએ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર, ઓક્ટોબર ગોલ્ડ કોન્ટ્રેક્ટ રૂ.1,51,115 પ્રતિ 10 ગ્રામ પર ખુલ્યો, અને દિવસ દરમ્યાન રૂ. 786 ઘટીને રૂ. 1,50,444 પર ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદામાં પણ ઘટાડો જોવા મળ્યો, ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. 2,32,229 પ્રતિ કિલો પર ખુલ્યો, અને દિવસ દરમ્યાન રૂ. 1389 ઘટીને રૂ. 2,31,374 પર ટ્રેડ થઈ રહ્યો હતો. આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક્સ આ હિલચાલને પ્રતિબિંબિત કરે છે, કોમેક્સ પર સ્પોટ ગોલ્ડ $4,300 પ્રતિ ઔંસ ચિહ્નની નીચે $4,280 પર ટ્રેડિંગ થયું. ચાંદીમાં પણ ઘટાડો નોંધાયો અને $ 63.09 પર ટ્રેડ થઈ રહી હતી.

બજારો 25 બેઝિસ-પોઇન્ટના વધારાની 90 ટકા શક્યતા દર્શાવે છે, યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો કિંમતી ધાતુઓ પર દબાણ લાવી રહ્યો છે, કેમકે તેમાંથી કોઈ વ્યાજ મળતું નથી.

મંગળવારે શરૂઆતના વેપારમાં વૈશ્વિક સેન્ટિમેન્ટ પાછળ સોના અને ચાંદીના વાયદામાં ઘટાડો થયો હતો, બજારની નજર યુએસ ફેડ રિઝર્વ દ્વારા મહત્વપૂર્ણ નાણાકીય નીતિના નિર્ણય પર છે. બુધવારની જાહેરાત પહેલા રોકાણકારો તેમની પોઝિશન એડજસ્ટ કરી રહ્યા છે, જેમાં 25-બેઝિસ-પોઇન્ટના વ્યાજ દરમાં વધારો થવાની વ્યાપક અપેક્ષા છે.

કિંમતી ધાતુઓ પર પ્રાથમિક દબાણ યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો થવાને કારણે છે, જે તાજેતરમાં 5 ટકાના સ્તરથી ઉપર પહોંચી ગયું છે. રોકાણકારો માટે, સોના અને ચાંદી જેવી સંપત્તિઓની તુલનામાં ઉચ્ચ ઉપજ સરકારી બોન્ડને વધુ આકર્ષક બનાવે છે, જે નિયમિત વ્યાજ આવક પૂરી પાડતી નથી. મૂડીમાં આ પરિવર્તન બુલિયનના ભાવને દબાણમાં રાખે છે કારણ કે રોકાણકારો ઉચ્ચ ઉપજ આપતી સંપત્તિઓ તરફ નાણાંનું રોકાણ કરી રહ્યા છે.

અનિશ્ચિતતામાં વધારો કરીને, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવ ઊંચા રહ્યા છે. જ્યારે તેલના ઊંચા ભાવ સામાન્ય રીતે ફુગાવાના સંકેત તરીકે કાર્ય કરે છે - જે ક્યારેક સોનાને સલામત-હેવન હેજ તરીકે ટેકો આપી શકે છે - વ્યાજ દરમાં વધારો થવાનું વર્તમાન વાતાવરણ હાલમાં આ પરિબળ કરતાં વધુ છે. બજારના સહભાગીઓ ચિંતિત છે કે જો યુએસ સેન્ટ્રલ બેંક અણધારી રીતે આક્રમક અથવા 'હોકીશ' વલણ અપનાવે છે, તો તે સોના અને ચાંદીના વેચાણને વધુ ઉત્તેજિત કરી શકે છે.

જો ફેડરલ રિઝર્વ સંકેત આપે છે કે ફુગાવાને નિયંત્રિત કરવા માટે વ્યાજ દરો લાંબા સમય સુધી ઊંચા રહેવાની જરૂર પડી શકે છે, તો તે નજીકના ગાળામાં કિંમતી ધાતુઓ માટે તેજી મર્યાદિત રહી શકે છે.

# મોટી એઆઈ કંપનીઓની અપીલ બાદ ભારતીય આઈટી શેરો ચમક્યા

**ઇન્ફોસીસ,** ટીસીએસ, એચસીએલ ટેકનોની માર્કેટ કેપ 85000 કરોડ વધી ગઇ

મુંબઈ, તા. 15: એઆઈમાં સુરક્ષા જોખમો અંગેના નિવેદનથી આઈટી શેરોમાં ચમક જોવા મળી હતી. જેના લીધે શરૂઆતી કારોબારમાં વધારો જોવાયો હતો અને સેન્સેકસ-નિફ્ટી વધ્યા હતા. જેમાં ઈન્ફોસીસ, ટીસીએસ અને એચસીએલ ટેકનોમાં જોરદાર ઉછાળો જોવાયો હતો. જેના પરિણામે નિફ્ટી આઈટી કંપનીઓની માર્કેટ કેપ આશરે રૂ. 1.2 લાખ કરોડનો વધારો થયો હતો, જેમાંથી ઈન્ફોસીસ, ટીસીએસ અને એછસીએળ ટેકનોમાં 85000 કરોડ રૂપિયાનો વધારો થયો હતો.

ઘણી મોટી એઆઈ કંપનીઓના માલિકોએ એઆઈ રેસની ગતિ થોડી ધીમી કરવાની વાત કરી. આનાથી રોકાણકારોમાં અપેક્ષા વધી છે કે પરંપરાગત સોફ્ટવેર અને આઉટસોર્સીગ વ્યવસાયો પર એઆઈની અસર થવામાં વધુ સમય લાગી શકે છે. તેની અસર અમેરિકન શેરબજારમાં પણ જોવા મળી હતી. ગઈકાલે એડીઆરમાં પણ ઈન્ફોસીસ, વિપ્રો ઉછળ્યા બાદ આજે શેરબજારમાં પણ આઈટી શેરોમાં જોશ આવ્યો હતો.

એઆઈ સીસ્ટમ્સની નિયંત્રણમાં રહેવાની ક્ષમતા વિશે ચિંતાઓ વધી રહી છે. એન્થ્રોપિકે કેટલાક કિસ્સાઓ ટાંક્યા હતા અને એઆઈનો ઉપયોગ શસ્ત્રોના ઉત્પાદન, સાયબર કામગીરી, સર્વેલન્સ અને છેતરપિંડી કરવામાં આવ્યો હતો. જેથી સુરક્ષા જોખમો વધી રહ્યા છે.